# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૬/૦૪/૨૦૨૬ થી તા.૧૨/૦૪/૨૦૨૬ સુધી

લેખકઃ જયોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ.લ.ઇ):** ચાલુ વીકમાં ગુપ્ત ભય અને આધ્યાત્મિક ક્રિયાશીલતાનો અનુભવ થશે. સરકારી કામ, સહી સિક્કા, વીલ વારસા બાબતે કોઇની વાતોમાં આવવું નહીં. અચાનક સફળતા મળી શકે છે, ઉઘરાણી આવે. મિત્રો-પરિવારજનો સાથે ધાર્મિક પ્રવાસ થાય. વિદેશથી શુભ સમાચાર આવે. કાયદા કાનૂનમાં મદદ મળે. નોકરીમાં પ્રમોશન થાય. જાહેર જીવનમાં અશાંતિનો અનુભવ થાય. ધંધામાં આવક વધશે.

**વૃષભ (બ.વ.ઉ.):** સપ્તાહ નવી ભાગીદારી માટે નવા વેપાર ધંધા માટે અને ઘરમાં નવા ફેરફાર માટે અનુકૂળ રહેશે. ઘરમાં શુભ પ્રસંગની ઉજવણીની જવાબદારી નિભાવવી પડે. રોજનાં કામમાં મદદ મળે. સરકારી નોકરિયાતને અનુકૂળતાનો અનુભવ થાય. અચાનક આર્થિક લાભ થાય. કોર્ટ કચેરીમાં કાયદા કાનૂન, ધર્મ-કર્મ અને વિદેશને લગતાં કામમાં ગતિ આવે. ઉચ્ચ કક્ષાનાં લોકોની મદદ મળે.

**મિથુન (ક.છ.ઘ.) :** ચાલુ વીકમાં સરકારી નોકરીની યોજના પાર પડી શકે તેમજ સરકારી કામમાં પ્રગતિ થાય. નોકરીમાં પ્રમોશન કે પગારવધારો મળે. સહકર્મીઓનો સાથ મળે. વિજાતિય મિત્રો સાથે ગેરસમજ થઇ શકે છે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. ઉંમરલાયકના વિવાહ થાય. રોજનાં કામમાં મદદ મળે. આવક વધે.ઘરમાં તાલમેળ રહે. નવાં કામ મળે.ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે.

**કર્ક (ડ.હ.) :** ચાલુ વીકમાં પારિવારિક, સામાજિક વગેરે સંબંધો મજબૂત બનશે. પ્રેમમાં વિશ્વાસ વધે. ભેટની આપ-લેથી આનંદની અનુભૂતિ થાય. પ્રેમ પ્રકરણોમાં લાગણીમાં ખેંચાવું નહીં. સંયમ રાખવો પડશે. નવી આવક વધે. નવાં રોકાણ થાય. અભ્યાસમાં પ્રગતિ થાય. સરકારી નોકરીની શકયતા રહે. નોકરીમાં પ્રગતિ અને જવાબદારીથી પ્રભાવ વધશે. જાહેર સમાજ અને કુટુંબજીવનમાં અનુકૂળતા રહે. આવક વધે.

**સિંહ (મ.ટ.):** ચાલુ વીકમાં કાર્યસ્થળ પર નવા ફેરફારથી અનુકૂળતા અને આત્મવિશ્વાસ વધશે. સામાજિક સંબંધો વધે. વડીલોની મદદ સામાજિક જમીન, વારસા, મકાન વગેરેમાં મળે. બહારનાં કામમાં અનુકૂળતા થાય. પ્રેમ વિવાહની ઓફર આવી શકે. સંતાનોનાં કામ પાર પડે. નવાં રોકાણથી લાભ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સરકારી કામમાં અનુકૂળતા રહે. ગુપ્ત શત્રુઓથી સાવધાન.

**કન્યા (પ.ઠ.ણ.):** ચાલુ સપ્તાહ નવા ફેરફાર કરવા માટે અનુકૂળ રહેશે. કાર્યસ્થળ, ઘર, ધંધા, વ્યવસાય વગેરેમાં મહત્ત્વના નવા ફેરફાર થાય. નવાં કામ મળે. નવી યોજના બને. કામનો બોજ વધશે. કોઇ નવા પ્રોજેક્ટમાં ભાગ લેવાનું બને. નવા ઘર કે ઘરમાં નવા ફેરફારની યોજના પાર પડે. વારસા કે મિલકતનાં કામ પાર પડે. નોકરીમાં ફેરફારથી પ્રભાવ વધે. પ્રેમમાં આત્મવિશ્વાસ અને સંબંધ વધે.

**તુલા (ર.ત.) :** ચાલુ સપ્તાહમાં વારસા અને કાયદાને લગતા પારિવારિક પ્રશ્નો હલ થઇ શકે છે. વારસાગત ખાણી-પીણી, મોજ-શોખ, શિક્ષણ, માર્કેટીંગ, દલાલી વગેરે કામમાં સફળતા, શિક્ષણ, માર્કેટીંગ, દલાલી વગેરે કામમાં સફળતા મળે. આવક વધે. ઉઘરાણી આવી શકે. નવાં રોકાણ થાય. વાદવિવાદથી અશાંતિ પેદા થાય. વધુ પડતા આત્મવિશ્વાસ પર કાબૂ રાખવો. મિલકત જમીન વગેરેના સોદા પાર પડે.

**વૃશ્ચિક (ન.ય.):** ચાલુ વીકમાં જાહેર જીવનમાં યશ મળે. વિશ્વાસઘાતથી બચવું. સમાજ અને કાર્યસ્થળ પર તાલમેળ રાખવો. મન અતિ ક્રિયાશીલ અને અશાંત તથા ઉત્તેજીત રહે. વાહન ધીમે હાંકવું. વાણી પર સંયમ રાખવો. આર્થિક વ્યવહારમાં સાવધાન રહેવું. પારિવારિક ધંધા, વારસા, સંતાનોનાં કામ તેમ જ મોજ-શોખના ધંધામાં અચાનક સફળતા અને આવકનો વધારો.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** સપ્તાહ પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. નવાં કામ મળે. વિદેશના કામમાં ગતિ આવે. સમાજમાં યશ મળે. ધાર્મિક કામથી શાંતિ મળે. અચાનક બિનજરૂરી ખર્ચા વધશે. વાણી પર કાબૂ રાખવો. જાહેર જીવનમાં ધીરજ રાખવી. નવી જવાબદારીથી પ્રભાવ વધશે. ઘર-પરિવારમાં દોડધામ, અશાંતિ અને સંતાનોની ચિંતાનો અનુભવ થાય. અચાનક શુભ સમાચાર મળે.

**મકર (ખ.જ.):** ચાલુ સપ્તાહ નવા સામાજિક અને કૌટુંબિક સંબંધો બને. પ્રેમવિવાહનો પ્રસ્તાવ હકારાત્મક રહે. નવા આર્થિક રોકાણથી લાભ. મિત્રો, જીવનસાથી સાથે સંતાનોનાં કામમાં મદદ મળે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. વિદેશના કામમાં ગતિ આવે. ધાર્મિક યાત્રા થાય. સરકારી યોજનાનો લાભ લેવામાં વિશ્વાસઘાત થઇ શકે તેમ છે. નોકરીમાં જવાબદારી વધે. નવા કામની તક મળે. પ્રવાસ થાય.

**કુંભ (ગ.સ.શ.ષ.):** ચાલુ વીકમાં નોકરીમાં પ્રગતિની સાથે જવાબદારી વધશે. નવા ધંધાકીય સંબંધો મજબૂત થાય. સંપત્તિના સોદા થાય. વડીલોનો સાથ જાહેર અને સમાજજીવનમાં મળે. આવક વધારવાની યોજના પાર પડશે. સરકારી નોકરીની તક મળે. સમાજ સેવાથી યશ મળે. સંતાનોનાં કામ સરળ બને. શેરબજારનાં કામ થાય. પ્રેમપ્રકરણોમાં તાલમેળ વધે. ધાર્મિક પ્રવાસ થાય. વિદેશથી શુભ સમાચાર મળે. ખર્ચા વધશે.

**મીન (દ.ચ.ઝ.થ.):** ચાલુ વીકમાં સમાજ કાર્ય સ્થળ વગેરે પોતાની નવી પહેચાન ઊભી કરી શકાય. યશ મળે. સંબંધો મજબૂત બને. આવક વધે. કુટુંબ પરિવારના ધંધામાં આવક વધે. નવા નોકરી ધંધાની તક મળે. વિદેશ બાબતે મદદ મળે. સમાજજીવનમાં યશ મળે. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. અચાનક નવા ફેરફારથી લાભ થાય. સરકારી કામમાં પ્રગતિ થાય. પ્રેમવિવાહની શકયતા વધે. મદદ મળે.

# ડોનાલ્ડ ટ્રમ્પ અને નેતન્યાહુની યુદ્ધખોર કુંડલી

દુનિયામાં આજ સુધી જેટલાં પણ યુદ્ધો ખેલાયાં છે તેમાં સૌથી મહત્ત્વનો ભાગ મંગળનો છે. જે રક્તપાત અને માનવસંહાર ભૂતકાળ અને આજે જોવા મળે છે તે મંગળને આભારી છે. યુદ્ધનો દેવ અને સેનાપતિ મંગળ જયારે શનિ-રાહુ સૂર્ય-પ્લુટો જેવા ક્રૂર ગ્રહો સાથે કોઇ પણ રીતે યોગ કરે છે ત્યારે યુદ્ધ અવશ્ય થાય છે. ષડાષ્ટક યોગ કેન્દ્રયોગ દૃષ્ટિયોગ અને યુતિ યોગથી આ અનિષ્ટ યોગ બને છે. જયારે ઉપરોક્ત યોગ ગોચરમાં બને તે પણ જન્મના ગ્રહયોગો સાથે ત્યારે જે તે સમયમાં યુદ્ધના ભણકારા વાગવા માંડે છે **યુદ્ધ કેટલા સમય સુધી ચાલશે તેનો આધાર જે તે રાષ્ટ્ર અને રાષ્ટ્રના વડાની કુંડલીમાં મંગળ અને અન્ય ગ્રહોની સ્થિતિ પર આધાર રાખે છે.**



ડોનાલ્ડ ટ્રમ્પની સિંહ-લગ્નની કુંડલીમાં ખૂબ જ નિર્બળ અવસ્થાનો મંગળ પ્રથમ ભાવમાં છે ચલિત પ્રમાણે શનિ અગિયારમે રહીને મંગળ પર દૃષ્ટિ કરે છે અને સૂર્ય રાહુ દસમે રહીને મંગળ સાથે કેન્દ્રયોગ કરે છે અને પ્લુટો, શુક્ર, શનિ સાથે બારમે છે. **આમ ડોનાલ્ડ ટ્રમ્પની કુંડલી જ યુદ્ધખોર અને અવિચારી નિર્ણય લેનાર છે. મંગળપ્રધાન જાતક પરિણામની પરવા કયારે પણ કરતો નથી.** તે બિલકુલ આંધળા સાહસ અને જુગારી માનસમાં માનતો હોય છે.નક્ષત્રનો મંગળ ટ્રમ્પને સ્વપ્રશંસક, તામસી અને બિનજવાબદાર, હિંસક, વેરવૃત્તિવાળો, ક્રૂર અને હઠીલો સ્વભાવ આપનાર છે. તેમનો યોગકારક મંગળ નિર્બળ અન પીડિત છે અને બુધ પાપ પીડિત હોવાથી મનફાવે તેમ બિનજવાબદારી તથા વિવાદસ્પદ અને અવિશ્વસનીય તથા હાસ્યાસ્પદ ભાષામાં બેધડક રીતે શરમ રાખ્યા વગર બોલે છે. **કાળ સર્પ યોગવાળી કુંડલીના કારણે તેઓ સત્તાનો દુરુપયોગ પોતાની ખુશી માટે કરે છે.**

ડોનાલ્ડ ટ્રમ્પની કુંડલીમાં ચોથે ગંડાત રાશિ અને નક્ષત્રમાં ચંદ્ર-કેતુ જયેષ્ઠના ચોથા ચરણમાં પૂર્ણ રીતે ગંડાત દોષમાં છે માટે તે પોતાના દેશને ચોક્કસ મુસીબતમાં ધકેલી દેશે. હાલમાં ગોચરનો કેતુ જન્મના મંગલ પરથી અને જન્મનો રાહુ ગોચરના મંગળ સાથે તા. 16-01-2026 થી તા. 1-10-2026 સુધી દૃષ્ટ ષડાષ્ટક અને કેન્દ્ર યોગ કરે છે. બસ ત્યારથી આ માથાફરેલ વ્યક્તિનું મગજ ભ્રમિત થયું જાન્યુ. 2026 થી મંગળ ગોચરમાં જન્મના મંગળ શનિ સાથે અશુભ યોગમાં આવ્યો અને ખાડી યુદ્ધનું રણશીંગું ફુંકાયું. **તા. 02-04-2026 મંગળ ગોચરના શનિ સાથે યુતિમાં આવે છે. ભૂમિયુદ્ધનો કારક શનિ સાથે જમીન પર વિનાશક રક્તપાતનો સંકેત આપે છે.** ટ્રમ્પના આઠમા ભાવ અને ગુરુની સામેથી પસાર થતાં મંગળ-શનિ, યુદ્ધને વધુ ભડકાવશે.

આ યોગ ખૂબ જ અશુભ બને છે. અતિચારી ગુરુ દુનિયામાં યુદ્ધ, ભૂખમરો, મહામારી, સત્તાપરિવર્તન, કાયદા કાનૂનમાં પરિવર્તન, નેતાઓની હત્યા, વૈશ્વિક રાજનીતિમાં આમૂલ પરિવર્તન કરનાર બને છે. અહીં જોગાનુજોગ જયોતિષની એક ઘટના સાફ દેખાય છે. આ જ ઘટના કદાચ આ ભયાનક રક્તપાત, આર્થિક ભીંસ, સમાજમાં ભય, અસલામતી, કુદરતી અને માનવસર્જીત જીવન જરૂરિયાત ચીજના અભાવ પેદા કરવા માટે જવાબદાર બને છે.



**નેતાન્યાહૂની કુંડલી વૃશ્ચિક લગ્ન જયેષ્ઠાના ચોથા ચરણની પૂર્ણ રીતે ગંડાત દોષની છે.** નેતન્યાહૂના જન્મના શનિ-મંગળ પણ ટ્રમ્પની જેમ સિંહ રાશિમાં છે અને તા. 16-01-2026 થી ગોચરના મંગળનું મકરમાં ભ્રમણની સાથે જન્મના મંગળ, શનિ અને રાહુ સાથે અશુભ યોગ બન્યો અને નેતન્યાહુએ મગજની કમાન ગુમાવી દીધી. આજે આ મંગળ જન્મના રાહુ પરથી ભ્રમણ ચાલુ કર્યું છે અને ગોચરનો રાહુ તેમના જન્મના શનિ મંગળની સામેથી પસાર થાય છે અને અતિચારી ગુરુ આઠમા સ્થાનમાંથી પસાર થાય છે.

નેતન્યાહુ અને ટ્રમ્પ બંનેનો જન્મનો મંગળ સિંહ રાશિ અને મઘા નક્ષત્રના બીજા ચરણમાં ફક્ત ત્રણ અંશનો છે. આ પણ એક જોગાનુજોગ કહેવાય. આ બંનેને મંગળ-શનિ-રાહુ-પ્લુટોએ ઉશ્કેર્યા અને માથાફરેલ બનાવ્યા. બંનેની કુંડલીમાં મંગળ-શુભ ફળદાતા હોવા છતાં અશુભ અને અનિષ્ટ બને છે. **વૃશ્ચિક લગ્નમાં મંગળનું સૌથી વધુ નકારાત્મક ફળ મળતું હોય છે જે નેતન્યાહૂમાં જોવા મળે છે.** આ બંને નેતાઓને વિશ્વવ્યાપી બનાવનાર યોગ એટલે ગંડાત અને આ બંનેએ પોતાની અને પોતાના દેશની તેમજ દુનિયાના દેશની જનતાને મુસીબતમાં ધકેલનાર યોગ પણ આ જ છે અને ગોચર તેમજ જન્મના મંગળ-શનિ રાહુ સાથે થતા અનિષ્ટ યોગ છે. પોતાના પર મૃત્યુનો ભય ગ્રહો સંકેત આપે છે. **તા. 02-02-2026 થી તા. 17-04-2026 સુધીનો સમય સૌથી ભયાનક વિશ્વયુદ્ધ તરફના સંકેત સમાન છે.** આ સમય દરમિયાન મંગળ-શનિ ગોચરમાં એકબીજાની ખૂબ જ નજીક અને ઉપર આવી જાય છે. જે વિનાશક ભૂમિ યુદ્ધના સંકેતની સાથે વિશ્વવ્યાપી અંધાધૂંધી, આર્થિક ઇન્ટરનેટ, ઊર્જા સંકટ પેદા કરશે.

**દુનિયામાં આજ સુધી જેટલાં પણ યુદ્ધો ખેલાયાં છે તેમાં સૌથી મહત્ત્વનો ભાગ મંગળનો છે**

# આવતીકાલે રાજ્યના અનેક જિલ્લાઓમાં પવન સાથે વરસાદની શક્યતા

**ગુજરાતમાં** ગરમીનો મિજાજ યથાવતઃ ૪ શહેરોમાં ૩૫ ડિગ્રી તાપમાન



અમદાવાદઃ ગુજરાતમાં હાલ મિશ્ર ઋતુનો માહોલ જોવા મળી રહ્યો છે. રાજ્યના અનેક શહેરોમાં ગરમીનો પારો ૩૫ ડિગ્રી સુધી પહોંચી ગયો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૭ એપ્રિલથી નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે ફરી એકવાર વરસાદી માહોલ જામવાની આગાહી કરી છે. અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદ સૌથી ગરમી નોંધાવવા પામી છે. હવામાન વિભાગ મુજબ આગામી ૩ દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં, પરંતુ ત્યારબાદ મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, અત્યારે રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધ્યું છે. જેમાં ખાસ કરીને અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં સૌથી વધુ ૩૫ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું છે. અન્ય શહેરો પૈકી ભૂજ, ગાંધીનગર, વડોદરા, સુરત અને કેશોદમાં ૩૪ ડિગ્રી, જ્યારે નલિયા, ભાવનગર અને ડીસામાં ૩૧ થી ૩૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગ મુજબ મધ્ય પાકિસ્તાન અને આસપાસના પંજાબ વિસ્તારમાં 3.1 થી 4.5 કિમી ઊંચાઈએ સાયક્લોનિક સર્ક્યુલેશન સાથે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે. આ સાથે મધ્ય અને ઉચ્ચ ટ્રોપોસ્ફિયરમાં ટ્રફ લાઇન પણ સક્રિય છે, જેનો અક્ષ આશરે 73 પૂર્વ રેખાંશ અને 28 ઉત્તર અક્ષાંશના ઉત્તરમાં 5.8 કિમી ઊંચાઈએ વિસ્તરેલો છે. વધુમાં, 7 એપ્રિલથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અસરકારક બનવાની શક્યતા છે.

8 એપ્રિલે વરસાદનું 'યલો એલર્ટ'

૭મી એપ્રિલથી વાતાવરણમાં પલટો આવવાની શરૂઆત થશે, જેની અસર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના સરહદી વિસ્તારોમાં વધુ જોવા મળશે. ખેડૂતોને આ વરસાદી આગાહીને ધ્યાને રાખી પકવેલો માલ સુરક્ષિત સ્થળે ખસેડવા સલાહ આપવામાં આવી છે. નવા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ૮મી એપ્રિલે રાજ્યના અનેક જિલ્લાઓમાં ૩૦ થી ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે, જેના માટે 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાત રિજનઃ બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુર.

- સૌરાષ્ટ્ર-કચ્છઃ જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે.

# પંજાબનો આતંકવાદી ઢાબા પર મજૂરી કરતો હતો

**પંજાબ** ગ્રેનેડ સ્મગલિંગ કેસનો વોન્ટેડ આતંકીને ડીસામાંથી ઝડપી પાડતી ગુજરાત ATS

**ગુજરાત** એટીએસ દ્વારા આ ધરપકડ અંગે પંજાબ પોલીસને જાણ કરવામાં આવી છે

ગાંધીનગર : ગુજરાત એટીએસ અને બનાસકાંઠા એસઓજીએ એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને પાકિસ્તાની ગેંગસ્ટર સહેજાદ ભટ્ટી ગેંગના સક્રિય સભ્ય અને પંજાબના ગ્રેનેડ સ્મગલિંગ કેસમાં વોન્ટેડ આરોપી બિક્રમજીતસિંઘ ઉર્ફે વિક્કીની ડીસા ખાતેથી ધરપકડ કરી છે.

પંજાબ પોલીસ દ્વારા શેર કરવામાં આવેલી બાતમીના આધારે ગુજરાત એટીએસના એસપી કે સિદ્ધાર્થ તથા નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાય અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી.

આ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપી બિક્રમજીતસિંઘ અમૃતસરનો રહેવાસી છે અને ધરપકડથી બચવા માટે ડીસાના એક ઢાબામાં છૂટક મજૂરી કામ કરી રહ્યો હતો. એટીએસ અને બનાસકાંઠા એસઓજીની ટીમે વોચ ગોઠવીને તેને ઝડપી પાડ્યો હતો.

## પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી બહાર આવેલી વિગતો

- મુખ્ય ભૂમિકાઃ આરોપી બિક્રમજીતસિંઘ પાકિસ્તાની ગેંગસ્ટર સહેજાદ ભટ્ટી અને આબિદ જટ્ટ સાથે મળીને ભારતમાં ગ્રેનેડ સપ્લાય કરવાનું અને સુરક્ષા એજન્સીઓના એકમો પર હુમલા કરવાનું કામ કરતો હતો.
- નેટવર્કઃ તે પંજાબથી દૂર રહીને સહેજાદ ભટ્ટી માટે સ્થાનિક યુવકોને ગેંગમાં જોડતો અને પોલીસ સ્ટેશન કે સુરક્ષા દળો પર હુમલાના કાવતરાં ઘડતો હતો.
- ISI એજન્ટઃ સહેજાદ ભટ્ટી પાકિસ્તાની ઇન્ટેલિજન્સ એજન્સી ISI માટે કામ કરતો ગેંગસ્ટર છે, જે ભારતના પંજાબ રાજ્યમાં આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવે છે.

આ આરોપી વિરુદ્ધ પંજાબના અમૃતસર ખાતે સ્પેશિયલ ઓપરેશનલ સેલ (SSOC)માં તારીખ ૦૩/૦૪/૨૦૨૬ના રોજ ભારતીય ન્યાય સંહિતા (BNS), વિસ્ફોટક પદાર્થ અધિનિયમ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ગુજરાત એટીએસ દ્વારા આ ધરપકડ અંગે પંજાબ પોલીસને જાણ કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી માટે આરોપીને પંજાબ પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ગામોમાં કેરોસીનનું વિતરણ

**પરિવારને** 5 અને સંસ્થાઓને 25 લિટર કેરોસીન અપાશે

ગાંધીનગર : ઈરાન યુદ્ધના પ્રભાવને કારણે સમગ્ર દેશમાં LPG ગેસની અછત ઉભી થતાં ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ગેસના વિકલ્પ તરીકે હવે કેરોસીનનું વિતરણ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

રાજ્ય સરકારે કેન્દ્ર સરકારની સૂચના અનુસાર કેરોસીન ડીલર એસોસિયેશન અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે મળીને વધારાની વિતરણ વ્યવસ્થા ગોઠવી છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને કુલ 1452 KL કેરોસીન ફાળવવામાં આવ્યું છે, જ્યારે રાજ્ય સરકારે તમામ જિલ્લાઓમાં 36 KL કેરોસીન ફાળવવાની યોજના અમલમાં મૂકી છે.

આ યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં પરિવારોને 5 લિટર અને સંસ્થાઓને 25 લિટર કેરોસીન ફાળવવામાં આવશે. મોટા પરિવારો અને મોટી સંસ્થાઓને પ્રાથમિકતા આપવામાં આવશે. આ કેરોસીનનો ઉપયોગ માત્ર રસોઈ અને પ્રકાશ માટે જ કરી શકાશે.કેરોસીન ફાળવણી માટે અરજીઓ સ્વીકારવા માટે NIC દ્વારા ખાસ ઓનલાઈન પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે, જે ગત સોમવારથી શરૂ કરવામાં આવ્યું છે. અરજદારો https://ipds.gujarat.gov.in/ પર જઈને ઓનલાઈન અરજી કરી શકે છે.

રાજ્યમાં કેરોસીન સંગ્રહ માટે વડોદરા અને પાલનપુર ખાતે બે સ્ટોરેજ ડેપો નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે દરેક તાલુકામાં એક પેટ્રોલ પંપ પરથી કેરોસીન વિતરણ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લા સ્તરે ઓછામાં ઓછા 12,000 લિટર (એક ટેન્કર લોડ)ની ઓનલાઈન માંગણી મળતા જ તાત્કાલિક વિતરણ શરૂ કરવામાં આવશે.ભાવની દ્રષ્ટિએ, ટ્રાન્સપોર્ટ અને અન્ય ખર્ચને ધ્યાનમાં રાખીને કેરોસીનનો દર પ્રતિ લિટર રૂ. 61.40 થી 66.14 વચ્ચે નક્કી કરવામાં આવ્યો છે.

આ નિર્ણયથી ગ્રામ્ય વિસ્તારોમાં ગેસની અછત દરમિયાન લોકો માટે રાહત ઉભી થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.


## બેન્ક ઓફ બરોડા

બેન્ક ઓફ બરોડા - એસ.એસ.આઈ. મકરપુરા બ્રાન્ચઃ
૨૮, જીઆઈડીસી એસ્ટેટ, મકરપુરા, વડોદરા - ૩૯૦ ૦૧૦, ગુજરાત (ભારત)
ફોનઃ ૦૨૬૫-૨૬૪૩૮૧૦, ૨૬૩૪૮૧૫, ઈ-મેલઃ indmak@bankofbaroda.com

પરિશિષ્ટ ૪ [નિયમ-૮(૧)]

**કબજા નોટિસ** (સ્થાવર મિલકત સંદર્ભે)

જે મુજબ, નીચે સહી કરનાર **બેન્ક ઓફ બરોડા ના** અધિકૃત અધિકારી છે, સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ-૩ સાથે વાંચતાં, કલમ-૧૩ (૧૨) હેઠળ મળેલ સત્તાને આધિન રહી **તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૫** ના રોજ બોરોઅર / ગેરન્ટર / મિલકતના માલિક **મે. અનિરૂદ્ધસિંહ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લિમિટેડ, શ્રી અનિરૂદ્ધસિંહ જે. ડોડિયા (ડિરેક્ટર), શ્રીમતી હેમાક્ષીબા અનિરૂદ્ધસિંહ ડોડિયા અને શ્રી રાજેન્દ્રસિંહ ડોડિયા (ગેરન્ટર)ને** ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ અને નોટિસમાં નિર્દિષ્ટ રકમ **રૂા. ૪,૮૯,૯૨,૧૨૩.૮૧ (રૂપિયા ચાર કરોડ નેવ્યાશી લાખ બાણું હજાર એકસો ત્રેવીસ અને પૈસા એક્યાશી પૂરા)** આ નોટિસ તારીખથી વત્તા ચૂકવણી થાય તે તારીખ સુધી વધારાનું વ્યાજ, ખર્ચા, કોસ્ટ વગેરે ઉપરોક્ત નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસમાં પરત ચૂકવી આપવા જણાવાયેલ.

બોરોઅર આ રકમ પરત ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે. આથી **બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય કે જાણમાં ના હોય), કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય કે જાણમાં ના હોય), ગેરન્ટર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપી જણાવાય છે કે નીચે સહી કરનાર દ્વારા દ્વિતીય એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જજની કોર્ટ, વડોદરાના આદેશ નં. CRMAJ No.: 788/2026** મુજબ નીચે નિર્દિષ્ટ તારીખના રોજ ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૪) હેઠળ, નિયમ-૮ સાથે વાંચતાં **પ્રત્યક્ષ કબજો** મેળવી લેવામાં આવેલ છે.

**બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય કે જાણમાં ના હોય), કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય કે જાણમાં ના હોય), ગેરન્ટર અને જાહેર જનતાને** આ સાથે સાવધાન કરવામાં આવે છે કે આ પ્રોપર્ટી સામે કોઈ સોદો કરવો નહિ અને જો આ પ્રોપર્ટી સામે કોઈ સોદો કરાશે તો તે **બેન્ક ઓફ બરોડા - મકરપુરા બ્રાન્ચને રૂા. ૪,૮૯,૯૨,૧૨૩.૮૧ (રૂપિયા ચાર કરોડ નેવ્યાશી લાખ બાણું હજાર એકસો ત્રેવીસ અને પૈસા એક્યાશી પૂરા)** ચૂકવણીની તારીખ સુધીના વ્યાજ અને બેન્કના તેની ઉપરના અન્ય પ્રાસંગિક ખર્ચા ચૂકવવા જવાબદાર રહેશે.

| મિલકત/તોનું વર્ણન | -ના નામે છે | ચતુઃસીમા | પ્રત્યક્ષ કબજા તારીખ |
|---|---|---|---|
| ૩૦૧, ૩૦૨, ૩૦૩, ત્રીજો માળ ખાતે આવેલ ઓફિસ જગ્યાઓનો ઈક્વિટેબલ મોર્ટગેજનો તમામ ભાગ અને હિસ્સો. જેમાં અવિભાજિત જમીનમાં સપ્રમાણ હિસ્સો છે. કુલ ક્ષેત્રફળ આશરે ૫૫.૫૯ ચો.મી. બાંધકામ (એસબીએ) સહિત ક્ષેત્રફળ આશરે ૮૮.૯૫ ચો.મી. થાય છે. સ્કીમ "વિનાયક કોમ્પલેક્ષ - ધ બિઝનેસ હોમ", જમીન સર્વે નં. ૩૫૮ પૈકી, ૩૫૯ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૧૯, ફાઈનલ પ્લોટ નં. ૩૦૪, સિટી સર્વે નં. ૨૨૧૫ અને ૨૨૧૬, ક્ષેત્રફળ આશરે ૧૧૭૬ ચો.મી. છે, જે કાલુપુર બેન્કની ઉપર, સરસ્વતી ક્રોસ રોડ, માંજલપુર, વડોદરા ખાતે આવેલ છે. | શ્રી અનિરૂદ્ધસિંહ જોરાવરસિંહ ડોડિયા | પૂર્વઃ ઓફિસ નં. ૩૦૪<br>પશ્ચિમઃ એફપી નં. ૩૦૫ પછી માર્જિનલ જગ્યા<br>ઉત્તરઃ ઓફિસ નં. ૩૨૦<br>દક્ષિણઃ ૩૬.૦૦ મીટર ટીપી રોડ પછી માર્જિનલ જગ્યા | ૫ એપ્રિલ ૨૦૨૬ |
| નીલાંબર સેરેન, બંગ્લો નં. ૬ નો ઈક્વિટેબલ મોર્ટગેજનો તમામ ભાગ અને હિસ્સો. પ્લોટ એરિયા ૧૫.૦૨ ચો.મી. હોવા સાથે કોમન જમીન ૮૨.૪૬ ચો.મી.માં અવિભાજીત સપ્રમાણ હિસ્સો. જે કુલ ૨૩૨.૪૮ ચો.મી. થાય છે. જમીન સર્વે નં. ૨૫૮૦, બ્લોક નં. ૧૭૮૭, ભાઈલી ખાતે આવેલ છે. | હેમાક્ષીબા અનિરૂદ્ધસિંહ ડોડિયા અને અનિરૂદ્ધસિંહ જોરાવરસિંહ ડોડિયા | પૂર્વઃ બ્લોક નં. ૫<br>પશ્ચિમઃ પ્લોટ નં. ૭<br>ઉત્તરઃ ૮.૫૦ મીટર આંતરિક રસ્તો<br>દક્ષિણઃ પ્લોટ નં. ૧૭૮૮ | ૩૧ માર્ચ ૨૦૨૬ |
| નિવાસી ફ્લેટ નં. એ/૩૦૧, ત્રીજો માળ, ઓમકારા રેસિડેન્સીનો ઈક્વિટેબલ મોર્ટગેજનો તમામ ભાગ અને હિસ્સો. પ્લોટ નં. એ-૧ થી એ-૬, સી.એસ.નં. ૨૧૦૨, એફ.પી. નં. ૪૨૭ પૈકી, ટી.પી.-૧૯, રે.સ.નં. ૩૨૯ પૈકી, મોજે - માંજલપુર, વડોદરા - સુપર બિલ્ટ અપ એરીયા ૧૫૬૫ ચો.ફૂટ. | શ્રી રાજેન્દ્રસિંહ જે. ડોડિયા | પૂર્વઃ ફ્લેટ નં. એ/૩૦૨<br>પશ્ચિમઃ શિવધામ સોસાયટી<br>ઉત્તરઃ ફ્લેટ નં. બી/૩૦૪<br>દક્ષિણઃ ફ્લેટ નં. એ/૩૦૪ | ૫ એપ્રિલ ૨૦૨૬ |

**આમ, સમય રહેતાં ઉપરોક્ત એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ(૮) ની જોગવાઈ મુજબ બોરોઅરનું સલામત અસ્કયામત છોડાવી લેવા ધ્યાન દોરવામાં આવે છે.**

સહી/-
**તારીખઃ ૦૬-૦૪-૨૦૨૬** **ચીફ મેનેજર / અધિકૃત અધિકારી**
**સ્થળઃ વડોદરા** **બેન્ક ઓફ બરોડા**


## અનુસંધાન... પાના પહેલાનું

### ઈરાનનો ત્રણ...

રુવાઈસના પેટ્રોકેમિકલ પ્લાન્ટમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો, જે તેમના જણાવ્યા મુજબ તોડી પાડવામાં આવેલા ડ્રોનના કાટમાળને કારણે લાગી હતી.આ હુમલાઓ ઇઝરાયેલ દ્વારા ઈરાનના પેટ્રોકેમિકલ પ્લાન્ટ પર હુમલો કર્યાના એક દિવસ પછી થયા છે.

### ઓક્સફર્ડ યુનિવર્સિટી...

કરવાની દુર્લભ તક મળવાની અપેક્ષા છે.

સહજાનંદ સ્વામી - ભગવાન સ્વામિનારાયણ દ્વારા વર્ષ 1826માં ગુજરાતના વડતાલ મુકામે રચાયેલી 'શિક્ષાપત્રી' નૈતિક અને આધ્યાત્મિક જીવન જીવવા માટેના માર્ગદર્શિકા તરીકે તૈયાર કરવામાં આવી છે.

મહા સુદ પાંચમ( વસંત પંચમી )ના દિવસે લખાયેલી હોવાનું મનાતી આ હસ્તપ્રતમાં 212 સંસ્કૃત શ્લોકો છે, જે હિંદુ શાસ્ત્રોના મુખ્ય સિદ્ધાંતોનો સાર રજૂ કરે છે. સ્વામિનારાયણના અનુયાયીઓ દ્વારા દરરોજ વાંચવામાં આવતા આ ગ્રંથની વિશ્વભરમાં લાખો નકલો છપાઈ છે. બોડલિયનનો દાવો છે કે તેમની પાસે રહેલી આ હસ્તપ્રત ઐતિહાસિક રીતે અત્યંત મહત્વની છે કારણ કે તે ખુદ લેખક( ભગવાન સ્વામિનારાયણ ) દ્વારા પોતે આપવામાં આવેલી સૌથી જૂની નકલોમાંની એક છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીએ જણાવ્યું હતું કે, આ હસ્તપ્રત એક ગહન ઐતિહાસિક વારસો ધરાવે છે. 26 ફેબ્રુઆરી, 1830 ના રોજ, સહજાનંદ સ્વામીએ રૂબરૂમાં આ નકલ તે સમયના બોમ્બેના ગવર્નર સર જોન માલ્કમને ભેટ આપી હતી. ઓગસ્ટ સુધી ચાલનારી આ યાત્રા લંડન અને વેલ્સના વિવિધ ભાગોમાં આવેલા સ્વામિનારાયણ મંદિરોને આવરી લેશે.

### ઇરાનમાં ફસાયેલા...

સોશિયલ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, અમે ગંભીર રીતે ઘાયલ અને ખરેખર બહાદુર એવા F-15 ક્રૂ મેમ્બર/ઓફિસરને ઈરાનના પહાડોના ઊંડાણમાંથી બચાવી લીધા છે. ઈરાની સૈન્ય મોટી સંખ્યામાં તેમની શોધખોળ કરી રહ્યું હતું અને તેમની ખૂબ નજીક પહોંચી ગયું હતું. ટ્રમ્પે બચાવેલા અધિકારીને અત્યંત આદરણીય કર્નલ તરીકે ઓળખાવ્યા હતા. તેમણે ઉમેર્યું કે, આ પ્રકારના દરોડા 'માણસ અને સાધનસામગ્રી' ના જોખમને કારણે ભાગ્યે જ કરવામાં આવે છે. આવું સામાન્ય રીતે બનતું નથી! બીજો દરોડો પહેલા દરોડા પછી આવ્યો હતો, જ્યાં અમે ધોળે દિવસે પાયલોટને બચાવ્યો હતો, જે અસામાન્ય છે, અમે ઈરાન પર સાત કલાક વિતાવ્યા હતા. સૌના દ્વારા બહાદુરી અને પ્રતિભાનું અદભૂત પ્રદર્શન! વ્હાઈટ હાઉસે તેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર પણ જાહેર કર્યુંઃ અમે ક્યારેય પણ અમેરિકન લડવૈયાને એકલા છોડી દઈશું નહીં.

શુક્રવારે ઈરાન દ્વારા દેશના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં યુએસ ફાઈટર જેટ F-15E સ્ટ્રાઈક ઈગલને તોડી પાડવામાં આવ્યું હતું. વિમાનમાં સવાર બે ક્રૂ સભ્યો સલામત કૂદી પડવામાં સફળ રહ્યા હતા અને જ્યારે પાયલોટને થોડા સમય પછી બચાવી લેવામાં આવ્યો હતો, ત્યારે અન્ય કર્મચારી લાપતા બન્યો હતો જેના માટે તાત્કાલિક શોધ શરૂ કરવામાં આવી હતી. સીઆઈએ દ્વારા આ પાયલોટનું લોકેશન શોધી કાઢવામાં આવ્યું હતું અને બાદમાં તેને ત્યાંથી વિમાનમાં ઉંચકી લેવાયો હતો.

### પાઇલટ બચાવ કામગીરી...

ઈરાની હાથમાં ન જાય તે માટે તેનો નાશ કરવો જરૂરી બની ગયો હતો. વોશિંગ્ટનની મજાક ઉડાવતા, ઈરાની સંસદના સ્પીકર ગાલિબાફે X પર નાશ પામેલા યુદ્ધ વિમાનોના અવશેષોનો ફોટો શેર કરીને લખ્યું કે જો યુનાઇટેડ સ્ટેટ્સ આ રીતે વધુ ત્રણ વિજય મેળવે છે, તો તે સંપૂર્ણપણે બરબાદ થઈ જશે.

### અમેરિકામાં અનેક...

હતા, હવે તેઓ વધુ ચિંતિત છે. ફેડરલ રિઝર્વ બેંક ઓફ શિકાગોના પ્રેસિડેન્ટ ઓસ્ટન ગુલ્સબીએ જણાવ્યું હતું કે, જો પરિવહન ખર્ચ વધવા લાગે છે, તો તેની અસર અન્ય ચીજવસ્તુઓના ભાવ પર પણ જોવા મળશે.

### ભવિષ્યમાં કંઈપણ...

સાધીશું.'' આસિફએ દાવો કર્યો હતો કે, એવા અહેવાલો છે કે તેમના (ભારત) પોતાના લોકો અથવા પાકિસ્તાનીઓ દ્વારા એક જુઠ્ઠાણાથી ભરેલા અભિયાન (ફોલ્સ ફ્લેગ ઓપરેશન)નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેટલાક મૃતદેહોને ક્યાંક ફેંકી દઈને એવું કહેવામાં આવ્યું કે તેઓ આતંકવાદીઓ હતા અને તેમણે આવું-આવું કર્યું છે. જોકે, તેમણે પોતાના દાવાના સમર્થનમાં કોઈ પુરાવા આપ્યા નહોતા. ગુરુવારે આસિફએ કહ્યું હતું કે કોઈપણ હુમલા પર પાકિસ્તાનનો પ્રતિસાદ ત્વરિત, સુઆયોજિત અને નિર્ણાયક હશે.

આસિફ ભારતના સંરક્ષણમંત્રી રાજનાથ સિંહની ટિપ્પણીઓનો જવાબ આપી રહ્યા હતા, જેમણે અગાઉ કહ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિમાં ભારતના પાડોશી દેશ દ્વારા કોઈપણ દુસ્સાહસ અભૂતપૂર્વ અને નિર્ણાયક કાર્યવાહીને આમંત્રણ આપશે. ગયા વર્ષે 22 એપ્રિલે થયેલા પહલગામ હુમલાના પરિણામે બંને દેશો વચ્ચે ચાર દિવસ સુધી સંઘર્ષ ચાલ્યો હતો.

### દેશની ઓઇલ કંપનીઓ...

કંપનીઓ( OMCs )એ તેની અસર સહન કરવી પડી રહી છે.

સંઘર્ષનો કોઈ તાત્કાલિક અંત દેખાતો ન હોવાથી, OMCs એ રિફાઇનરી ટ્રાન્સફર પ્રાઇસ ( RTP ) - જે આંતરિક કિંમતે રિફાઇનરીઓ માર્કેટિંગ વિભાગોને ઈંધણ વેચે છે - તેના પર ડિસ્કાઉન્ટ નક્કી કરવાનો નિર્ણય લીધો છે. જેથી રિફાઇનરીઓને પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણની આયાત-સમાનતા કિંમત કરતા ઓછી ચૂકવણી કરી શકાય. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન ( IOC ), ભારત પેટ્રોલિયમ ( BPCL ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ ( HPCL ) એ આ અંગેની ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક પ્રતિસાદ આપ્યો નથી. પેટ્રોલ અને ડીઝલના ભાવો અનુક્રમે 2010 અને 2014 માં નિયંત્રણમુક્ત કરવામાં આવ્યા હતા, છતાં એપ્રિલ 2022થી આ ભાવો સ્થિર છે. જ્યારે ક્રૂડ ઓઇલના ભાવ વધે ત્યારે OMCs નુકસાન સહન કરે છે અને જ્યારે ભાવ ઘટે ત્યારે મોટો નફો કરે છે.

### રાજસ્થાનના થારના...

કે જેસલમેરના બાઘેવાલા ફિલ્ડમાં ઉત્પાદિત ક્રૂડ ઓઈલને ટેન્કરો દ્વારા ગુજરાતના મહેસાણામાં ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ની સુવિધાઓ પર લઈ જવામાં આવે છે, જ્યાંથી તેને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) દ્વારા સંચાલિત કોયલી રિફાઈનરીમાં પાઈપલાઈન દ્વારા મોકલવામાં આવે છે. નાણાકીય વર્ષ 2025-26 માં, ઓઈલ ઈન્ડિયાના રાજસ્થાન ફિલ્ડે 43,773 મેટ્રિક ટન ક્રૂડ ઓઈલનું વાર્ષિક ઉત્પાદન નોંધાવ્યું હતું, જે અગાઉના વર્ષના 32,787 મેટ્રિક ટન કરતા વધુ છે, જે તકનીકી પ્રગતિ અને કાર્યક્ષમ કામગીરી દ્વારા સંચાલિત મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.

કંપનીના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સફળતાનો શ્રેય મુખ્યત્વે સાયક્લિક સ્ટીમ સ્ટીમ્યુલેશન (CSS) સહિતની અદ્યતન રિકવરી ટેકનિકોના ઉપયોગને જાય છે, જે ઉચ્ચ સ્નિગ્ધતા ધરાવતા (ઘટ્ટ) ક્રૂડને કાઢવા માટે વપરાતી થર્મલ એનહાન્સ્ડ ઓઈલ રિકવરી પદ્ધતિ છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, થાર પ્રદેશની પડકારજનક ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં લેતા આ એક નોંધપાત્ર સિદ્ધિ છે. તે ભારતની ઉર્જા જરૂરિયાતોમાં બિનપરંપરાગત સંસાધનોના યોગદાનની ક્ષમતાને રેખાંકિત કરે છે.

### પાકિસ્તાનમાં વરસાદ...

ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (પીડીએમએ)એ જણાવ્યું હતું કે, કુલ 45 મૃત્યુઆંકમાં 23 બાળકો, 17 પુરુષો અને 5 મહિલાઓનો સમાવેશ થાય છે, જ્યારે ઘાયલોમાં 45 પુરુષો, 16 મહિલાઓ અને 44 બાળકો સામેલ છે. ભારે વરસાદને કારણે પ્રાંતના અનેક જિલ્લાઓમાં છત અને દીવાલો ધરાશાયી થવાની ઘટનાઓ બની હતી, જેનાથી સમગ્ર પ્રાંતમાં જાન-માલનું વ્યાપક નુકસાન થયું છે. બે ડઝનથી વધુ જિલ્લાઓમાં ઓછામાં ઓછા 442 ઘરોને અસર થઈ છે, જેમાંથી 382 ઘર આંશિક રીતે ક્ષતિગ્રસ્ત થયા છે અને 60 ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. પીડીએમએના અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, બચાવ અને રાહત કામગીરી ચાલુ છે, જેમાં પીડીએમએ, રેસ્ક્યુ 1122, જિલ્લા વહીવટીતંત્ર અને અન્ય સંબંધિત એજન્સીઓ સંકલનમાં રહીને કામ કરી રહી છે. દરમિયાન, પીડીએમએના ડિરેક્ટર જનરલે ચેતવણી આપી છે કે, પ્રાંતના વિવિધ ભાગોમાં 9 એપ્રિલ સુધી વરસાદનો નવો રાઉન્ડ આવવાની શક્યતા છે અને પ્રવાસીઓને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે, ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારોમાં અને સરકારી એજન્સીઓ દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર સલાહ અને સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવ્યું છે.